ધાનેરામાં સેવાસેતુ કાર્યક્રમનો ફિયાસ્કો : કામ ન થતાં લોકો રોષે ભરાયા

સીએમનું પ્રવચન કોઈએ ન સાંભળ્યું : સીએમના પ્રવચનમાં ખુરશીઓ ખાલી જોવા મળી હતી અને સીએમના પ્રવચન દરમ્યાન ખુરશીમાં માત્ર પાલિકાના કેટલાક સદસ્ય અને કર્મચારીઓ હતા એ પણ વાતો કરવામાં તેમજ મોબાઈલ વ્યસ્ત જોવા મળ્યા

ધાનેરા, તા. ૫

ધાનેરા નગરપાલિકા આયોજિત આજે ધાનેરા ની કન્યા શાળા ખાતે સેવસેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું શૌ પ્રથમ દીપ પ્રાગટ્ય કર્યું હતું અને વિવિધ રાજકીય લોકોએ સંબોધન કર્યું હતું અને તે બાદ ગુજરાત ના મુખ્યમંત્રી નું પ્રવચન સાંભળવા માટે આ કાર્યક્રમમાં એક એલસીડી પણ લગાવામાં આવી હતી કારણ કે ગુજરાત ના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી નું સંબોધન આવનાર લોકો અગ્રણીઓ તેમજ સરકારી કર્મચારીઓ જોઈ અને સાંભળી શકે પરંતુ સ્ટેજ પ્રોગ્રામ પૂરો થતા અને સીએમ સાહેબ નું પ્રવચન શરુ થતા જ રાજકીય અગ્રીણીઓ ચાલતી પકડી હતી અને સીએમ પ્રવચન દરમ્યાન મોટાભાગ ની ખુરશીઓ ખાલી જોવા મળી હતી અને ગણી ગાઠી ખુરશીઓ પર ધાનેરા નગરપાલિકા સદસ્યો ચીફ ઓફિસર અને કર્મચારીઓ બેઠેલા જોવા મળ્યા હતા આ સિવાય એક પણ લોકો જોવા મળ્યા હતા ન હતા પાલિકા સદસ્યો ચીફ ઓફિસર અને કર્મચારીઓ પણ માત્ર ફોર્માલિટી કરવા માટે જ બેઠા હતા કારણ કે એક પણ સદસ્ય કે ચીફ ઓફિસર કે કર્મચારી પ્રવચન નતા સાંભળતા કોઈ વાતો માં વ્યસ્ત હતું તો કોઈ મોબાઈલ માં વ્યસ્ત જોવા મળ્યું હતું આટલુંજ નહિ પણ પાલિકા ના ચીફ ઓફિસરને તો જાણે સીએમનું પ્રવચન સાંભળવાનો કંટાળો આવ્યો હોય તેમ કાર્યક્રમનું સ્થળ છોડી એસીવાળી ગાડી માં જઈને બેસી ગયા હતા સેવસેતુ કાર્યક્રમમાં માત્ર આધારકાર્ડ સુધારવા માટેના ટેબલ ઉપર લોકોની ભારે ભીડ જોવા મળી હતી અને સોશિયલ ડિસટન્સ ના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા આ ટેબલ સિવાય અન્ય કોઈ ટેબલ લોકો જોવા મળ્યા ન હતા માત્ર કર્મચારીઓ નવરા બેઠા જોવા મળ્યા હતા આટલુંજ નહિ કેટલાક અરજદારોનું કામ ન થતા અરજદારો રોષે ભરાયા હતા અને મીડિયા સામે રોષ ઠાલવતા જણાવ્યું હતું કે અમે લોકો છેલ્લા એક કલાકથી અહીંયા હેરાન થઈએ છીએ પણ અમારું કામ થતું નથી આ ટેબલ ઓલ ટેબલ અને ઉપર નીચે ધક્કા ખવરાવે છે તો કોક જણાવે છે સાહેબ નથી આવ્યા સાહેબ આવે ત્યારે આવો તો હવે તમે પણ સાંભળો કે અરજદાર શું કહે છે.

ધાનેરા અને સામરવાડા વચ્ચે સરકારી દવાઓનો જથ્થો કચરામાં મળી આવતાં ચકચાર...!!

ધાનેરા, તા. ૫

ધાનેરા તાલુકાના સામરવાડા અને ધાનેરા વચ્ચેના જાહેર હાઈવે પર કોઈક અજાણ્યા ઈસમો દ્વારા એક્સપાયરી તારીખ હજુ ૨૦૨૨ હોવા છતાં દવાઓ ફેંકી દેતાં આ દવાઓ ફેંકનાર સામે લોકોનો રોષ ભભૂકી ઉઠ્યો છે કે એક બાજુ બીમારી સમયે લોકો દવાઓ માટે વલખાં મારી રહ્યાં છે ત્યારે ધાનેરા કે આસપાસના વિસ્તારની કોઈક સરકારી હોસ્પિટલમાંથી દવાઓ ફેંકનારની તપાસ કરી તેની સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે,આ બાબતે ધાનેરા તાલુકા હેલ્થ ઓફીસરશ્રી એલ. એન. સોમાણીએ દવાઓ જયાં ફેકેલ તે જગ્યાનુ પંચનામુ કરી દવાઓનો જથ્થો કબજે કર્યો હતો અને જણાવ્યું હતું કે આ દવાનો જથ્થો ધાનેરા તાલુકાના કોઈ સી એચ સી સેન્ટર ઉપરથી જ ફેંકી દેવામાં આવ્યો છે જેના માટે અમોએ એક કમિટીની નિમણુક કરી છે અને જેમ બને તેમ જલ્દી આ દવાઓ ફેંકનારને ઝડપી કાર્યવાહી કરવામાં આવશે મોટી માત્રામાં સરકારી દવાઓ કચરામાં મળી આવે છે ત્યારે કોઈ અજાણ્યા ઈસમો નાખીને જતા રહે છે અને નામ આવે જેતે ગામનુ આવે છે તો આ બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

મોરા ગામે વિજ કરંટ લાગતાં ગાયનું મોત: પશુપાલકને રૂા.૩૫,૦૦૦નો ફટકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

મોડાસા તાલુકાના મોરા ગામે ગત રોજ વિજ થાંભલાના કરંટથી પશુપાલક બાબુભાઈ ધુળાભાઈ તરારની ગાયનું મોત નિપજતાં અરેરાટી વ્યાપી છે. થાંભલાના છૂટા મૂકાયેલા વાયરના છેડાને ગાય અડકી જતાં સ્થળ ઉપર મોત નિપજવાથી પશુપાલકને રૂા.૩૫,૦૦૦ની કિંમતનું પશુ ગુમાવવાનો વારો આવ્યો છે. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે જાણવાજોગ નોંધ લઈ તપાસ શરૂ કરી છે.

ચોમાસાની સીઝનમાં વિજ કરંટ લાગવાના બનાવો વધી ગયા છે. વિજ તંત્રની લાલીયાવાડીથી વિજ થાંભલામાંથી કરંટ ઉતરતાં દર વર્ષે ચોમાસા દરમ્યાન માનવ તેમજ મૂંગા પશુઓનો ભોગ લેવાતો હોય છે. તા.૪ ના રોજ મોડાસા તાલુકાના મોરા ગામના પશુપાલક બાબુભાઈ તરારના પશુઓ પૈકી એક ગાય વિજ તંત્રના ઉભા કરવામાં આવેલા થાંભલાના છૂટા કેબલને સ્પર્શી જતાં વિજ કરંટથી મોત નિપજ્યું હતું. વિજ તંત્ર દ્વારા ચોમાસાની સીઝનમાં ગંભીર બેદરકારી રાખી થાંભલા પાસે જ વાયરના છેડા ખુલ્લા મૂકવામાં આવ્યા હોવાના કારણે ગાય કરંટનો ભોગ બની હોવાના આક્ષેપ સાથે પશુપાલકો વિજ તંત્રની બેદરકારી સામે રોષે ભરાયા છે. હજુ પણ ખુલ્લા વાયર જોડવામાં નહીં આવે તો અન્ય પશુઓ તેમજ પ્રજાના માથે વિજ કરંટનો ભય ઉભો છે.

ડીસાના જુનાડીસા ગામના ગંગાજી વ્હોળા નજીક ત્રિપલ અકસ્માત સર્જાયો

ત્રિપલ અકસ્માત બાદ ડંફર અને સ્વીફ્ટ ગાડી વચ્ચે વધુ એક અકસ્માત: વ્હોળાના પુલના એક ભાગનું કામ મંથર ગતિએ ચાલતા લોકોમાં ભારે આક્રોશ

ડીસા, તા. ૫

બનાસકાંઠા જિલ્લામાં લોક ડાઉનમાં મળેલી છૂટછાટના પગલે બેફામ ઝડપે દોડતા વાહનોને લઈ માર્ગ અકસ્માતોની વણજાર સર્જાઈ છે ત્યારે ડીસા -પાટણ હાઈવે ઉપર આવેલ ડીસા તાલુકાના જુનાડીસાના ગંગાજી વ્હોળા પાસે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો.જેમાં અનેક લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. અકસ્માતના પગલે આજુબાજુના લોકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા અને ૧૦૮ મોબાઈલ વાન મારફત ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે ડીસા સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઈકો ચાલક બેફામ પૂર ઝડપે આવી રહ્યો હતો ત્યારે સામેથી આવી રહેલ રીક્ષા અને સ્વીફ્ટ ગાડી વચ્ચે ટક્કર લાગતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો.અકસ્માતની જાણ થતાં તાત્કાલિક રૂરલ પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે આ અકસ્માતના ગણતરીના સમય બાદ ડંફર અને સ્વીફ્ટ ગાડી વચ્ચે વધુ એક અકસ્માત સર્જાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ રોડનું હાલમાં નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે પણ દ્વિમાર્ગીય પુલના એક ભાગનું કામ મંથર ગતિએ ચાલી રહ્યું છે જેથી એક માર્ગ બંધ હોઈ અવારનવાર અકસ્માતો સર્જાય છે તેથી તેનું કામ ઝડપી પૂર્ણ કરવાની પ્રબળ લોક માંગ ઉઠવા પામી છે.

ભિલોડા બી.ટી.પી. દ્વારા આદિજાતિ સલાહકાર સમિતીની બેઠક નિયમીત બોલાવવા સંદર્ભે મુખ્યમંત્રીને લેખિત પત્ર પાઠવ્યો

ભિલોડા,તા.૫

ભિલોડા બી.ટી.પી. દ્વારા આદિજાતિ સલાહકાર સમિતીની બેઠક નિયમીત બોલાવવા સંદર્ભે ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિત પત્ર પાઠવ્યો હતો. ભિલોડા તાલુકા બી.ટી.પી., ઉપપ્રમુખ પરાગ ભગોરા, હોદ્દેદારો, કાર્યકરો સહિત સામાજીક આગેવાનોએ જણાવ્યું હતું કે આદિજાતિ સલાહકાર સમિતીએ આદિવાસીઓના ઉત્થાન માટે નિતિવિષયક નિર્ણયો કરવા માટે ખુબ જ અગત્યની સમિતી છે. સમિતીની બેઠક બંધારણીય રીતે દર ૩ માસે નિયમીત રીતે મળવી જોઈએ. આદિજાતિ સલાહકાર સમિતીની બેઠક નિયમીત મળતી ન હોવાના કારણે ગુજરાત રાજયના એક કરોડથી વધુ વસ્તી ધરાવતા આદિવાસીઓના પ્રશ્નોની ચર્ચા થઈ શકતી નથી જેના કારણે આદિવાસી સમાજના ઉત્થાન માટે કોઈ નિતિવિષયક નિર્ણયો લઈ શકાતા નથી અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજયમાં છેલ્લા દોઢ વર્ષથી વધુ સમયથી આ આદિજાતિ સલાહકાર સમિતીની બેઠક મળેલ નથી ત્યારે આદિજાતિ સલાહકાર સમિતીની બેઠક તાત્કાલીક ધોરણે બોલાવવી અને નિયમીત રીતે દર ૩ માસે સમિતીની બેઠક મળે તે સંદર્ભે ભિલોડા બી.ટી.પી., ઉપપ્રમુખ, હોદ્દેદારો, કાર્યકરો સહિત સામાજીક આગેવાનોએ આદિજાતિના હિતમાં મુખ્યમંત્રીને લેખિતમાં પત્ર પાઠવ્યો છે.

હાય રે... મોંઘવારી હાય... હાય...

બેનરો અને સુત્રોચ્ચાર સાથે કોંગ્રેસી હોદ્દેદારો, કાર્યકરોએ વિરોધ દર્શાવ્યો

ભિલોડામાં અસહ્ય મોંઘવારી સંદર્ભે કોંગ્રેસની વિરોધ પ્રદર્શન રેલી: કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરાઈ

ભિલોડા,તા.૫

ગુજરાત રાજયમાં પ્રજાજનોનો વિશ્વાસ ગુમાવી બેઠેલી કોંગ્રેસ અસહ્ય મોંઘવારી સંદર્ભે વિરોધ પ્રદર્શન કરીને પ્રજાજનોનો વિશ્વાસનો મત પ્રાપ્ત કરવા માટે બુલંદ અવાજ ઉઠાવ્યો છે. પેટ્રોલ, ડીઝલ, એલ.પી.જી., સી.એન. જી. ગેસ, કરીયાણું સહિત વિવિધ ચીજ વસ્તુઓના ભાવ આસામાને પહોંચ્યા છે. મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસના હોદ્દેદારો,કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું હતું. અસહ્ય ભાવ વધારો પરત ખેંચવા પ્રબળ માંગણી ઉદ્ભવી છે.

ભિલોડા તાલુકા મથક ખાતે મોંઘવારી સંદર્ભે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન રેલી યોજાઈ હતી. કોંગ્રેસના કાર્યકરોની પોલીસએ અટકાયત કરી હતી.બોનરો સાથે સુત્રોચ્ચાર કરીને કોંગ્રેસી કાર્યકરોએ પ્રચંડ વિરોધ નોંધાવ્યો હતો. મોંઘવારી કુદકે ને ભુસકે વધતાં પ્રજાજનોના હાલ બેહાલ થઈ રહ્યા છે.કોરોના કાળ દરમ્યાન ધંધા, રોજગાર, નોકરી, આર્થિક પ્રવૃત્તીઓને ગંભીર ફટકો પડ્યો છે.ગરીબ અને મધ્યમવર્ગની હાલત અત્યંત કફોડી છે. કોંગ્રેસી કાર્યકરોએ જણાવ્યું હતું કે પ્રજાજનો મોંઘવારીમાં પીસાઈ રહ્યા છે. કોરોના મહામારી દરમ્યાન પ્રજાજનો આર્થિક રીતે હેરાનગતિ ભોગવી રહ્યા છે.

ધાનેરા તાલુકા પંચાયતના નાયબ ટીડીઓ તરીકે ફરજ બજાવતા મુકેશભાઈ ત્રિવેદીનો વિદાય સમારંભ યોજાયો

ધાનેરા, તા. ૫

છેલ્લા ઘણા સમયથી ધાનેરા તાલુકા પંચાયત માં માં ટીડીઓ તેમજ નાયબ ટીડીઓ તરીકેના ચાર્જમાં રહેતા મુકેશ ભાઈ ત્રિવેદી જેમની બઢતી સાથે બદલી થતા આજે તેમનો વિદાય સમારંભ યોજાયો હતો ધાનેરા ગાયત્રી મંદિર ખાતે વિદાય સમારંભ માં રાજકીય અગ્રણીઓ તાલુકા પંચાયતના સ્ટાફ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને તાલુકા વિકાસ અધિકારી મુકેશભાઈ ત્રિવેદીને વિવિધ મોમેન્ટો આપી વિદાય આપી હતી આ કાર્યક્રમમાં ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ વસંતભાઈ પુરોહિત રાજકીય અગ્રણીઓ તેમજ તાલુકા પંચાયતના સ્ટાફગણ અને ધાનેરા વાસીઓ ઉપસ્થિત રહ્યા હતા

પાલનપુરમાં નગરપાલિકાના વિપક્ષીનેતાની કાળા વાવટા ફરકાવતા પહેલા જ પોલિસે અટકાયત કરી

પાલનપુર, તા. ૫

સુશાસનના પાંચ વર્ષની ઉજવણીના ભાગરૂપે બુધવારે સમગ્ર રાજયમાં નારી ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.ત્યારે પાલનપુર ની ચાર વર્ષની બાળકી ઉપર બેરહેમીપૂર્વક બળાત્કાર ગુજારનાર આરોપીઓને સજા કરી તેના પરિવાર ને ન્યાય મળે તે માટે પાલનપુર નગરપાલિકા વિપક્ષના નેતા અંકિતા ઠાકોર દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો હતો જો કે પોલિસે તેમની અટકાયત કરી હતી. સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ના સુશાસનના પાંચ વર્ષની ઉજવણીના ભાગરૂપે પ્રજાલક્ષી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.જેના ભાગરૂપે બુધવારે સમગ્ર રાજયમાં નારી ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી હતી.જિલ્લા મથક પાલનપુર ખાતે પણ ગુજરાત ચાઈલ્ડ પ્રોટેક્શન રાઈટ્સના ચેરપર્સન જાગૃતિબેન પંડ્યાના અધ્યક્ષતામાં કાર્યક્રમનું આયોજન કરાયુ હતું.ત્યારે પાલનપુર નગરપાલિકા વિપક્ષના નેતા અંકિતા ઠાકોર દ્વારા પાલનપુર રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ગત માર્ચ - ૨૦૨૦ ના દિવસે ૪ વર્ષની બાળકી ઉપર બેરહેમીપૂર્વક બળાત્કાર ગુજારનાર આરોપીઓ આજદિન સુધી પકડાયેલ નથી તેવોને ઝડપી પાડવા અને બાળકી ના પરિવારને ન્યાય અપાવવા વિરોધ દર્શાવ્યો હતો.જો કે પોલિસે તેમની અટકાયત કરી હતી. રેલવે સ્ટેશન પાલનપુર ખાતે ૪ વર્ષની બાળકી સાથે બેરહેમીપૂર્વક દુષ્કર્મ ગુજારવામાં આવેલ જેનો આરોપી આજ સુધી પકડાયો નથી..ત્યારે સરકાર દ્વારા કેવા પગલા લેવામાં આવ્યા છે.આરોપી ક્યારે પકડાશે...આ બાળકીને ન્યાય અપાવવા માટે અમે રજૂઆત કરીશુ અને અમને રજૂઆત કરવા દેવામાં નહી આવે તો કાળા વાવટા બતાવીને વિરોધ કરવાની ચીમકી આપી હતી.

જન્મદિને વધામણી

વિહાની કૌશલભાઈ પ્રજાપતિ
બાયડ, જિ.અરવલ્લી

લલીતાબેન દેવચંદભાઈ પરમાર
(તુલસીકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

વર્ષાબેન મયૂરભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

આકાશ એ. ચૌધરી
(ઘનશ્યામ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

તૃષાર મહેન્દ્રભાઈ ઉપાધ્યાય
(સાઠંબા પી.એચ.સી.)
(નિલકંઠ સોસાયટી)
બાયડ(જૂનાઉંટરડા)

જતિન ચૌધરી
(એન્જલ બ્રોકીંગ)
બાયડ, જિ.અરવલ્લી

અવસાન નોંધ..

બાયડ : બાયડના રાજુભાઈ પટેલ(નિવૃત્ત સુપરવાઈઝર : સાબરડેરી)ના માતા મધુબેન ધીરૂભાઈ પટેલનું નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું આજે તા.૬ ઓગષ્ટ, શુક્રવારે સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ તેમના નિવાસસ્થાન, બાયડ નગરપાલિકા પાસે રાખેલ છે.